# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. છત્તીસગઢના રાયપુરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભાના નવા ભવનનું લોકાર્પણ કર્યું .. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજયેપીની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું
2. છત્તીસગઢમાં બ્રહ્માકુમારી સંસ્થાના કેન્દ્રનુ ઉદઘાટન કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે શાંતિ શિખર આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે કેન્દ્ર સ્થાને રહેશે
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, કેરળ અને મધ્યપ્રદેશના લોકોને તેના સ્થાપના દિવસ પર અભિનંદન પાઠવ્યા
4. ભારતીય સેનાના એવિએશન કોર્પ્સની 40મા સ્થાપના દિવસની આજે ઉજવણી
5. વિશિષ્ટ વાનગીઓ બનાવવા માટે લખનૌને યુનેસ્કો ક્રિએટિવ સિટી ઓફ ગેસ્ટ્રોનોમી તરીકે નિયુક્ત કરવામાં આવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM CHATTISGADH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છત્તીસગઢની મુલાકાત દરમિયાન નયા રાયપુરમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના આદ્યાત્મિક કેદ્ર એવા શાંતિ શિખરનું ઉદ્ઘાટન કર્યું. આ કેન્દ્ર આધ્યાત્મિક શિક્ષણ, શાંતિ અને ધ્યાન માટેનું એક આધુનિક કેન્દ્ર છે.

આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે રાષ્ટ્રનો વિકાસ તેના રાજ્યોના વિકાસ સાથે જોડાયેલો છે. તેમણે ઉમેર્યું કે આ મંત્ર દ્વારા માર્ગદર્શન મેળવીને, સરકાર ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે બ્રહ્માકુમારીઝ જેવી સંસ્થાઓની આ પ્રયાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે.

## બાઇટ -પ્રધાનમંત્રી  શાંતિ શિખર એકેડેમી પર પીએમ

તેમણે ઉમેર્યું કે ભારત વિશ્વના દેશો માટે વિશ્વાસપાત્ર દેશ તરીકે ઉભરી રહ્યો છે. વિશ્વમાં કોઇ પણ સ્થળે આપત્તિ આવે છે તો તેને મદદ કરવા ભારત તત્પર હોય છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી,પ્રધાનમંત્રી ..પીસ

અગાઉ, પ્રધાનમંત્રીએ નયા રાયપુરમાં શ્રી સત્ય સાંઈ સંજીવની હોસ્પિટલની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે "દિલ કી બાત" કાર્યક્રમ હેઠળ લગભગ અઢી હજાર બાળકો સાથે વાતચીત કરી હતી. જન્મજાત હૃદય રોગથી પીડાતા આ બાળકોએ હોસ્પિટલમાં નિઃશુલ્ક અને સફળ સારવાર મેળવી છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ બાળકોને "જીવન ભેટ" પ્રમાણપત્રો અર્પણ કર્યા.

આ કાર્યક્રમ બાદ તેમણે રાયપુરમાં છત્તીસગઢ વિધાનસભાના નવા ભવનનું ઉદ્ઘાટન પણ કર્યું અને તેના પરિસરમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**JAISHANKAR-UK**

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે ભારત-બ્રિટન સંબંધો એક જટિલ ઐતિહાસિક જોડાણથી ગતિશીલ અને દૂરંદેશી ભાગીદારીમાં વિકસિત થયા છે. ગઈકાલે નવી દિલ્હીમાં બ્રિટન રાષ્ટ્રીય દિવસની ઉજવણીને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું કે બંને દેશોએ ટેકનોલોજી સુરક્ષા પહેલ હેઠળ માત્ર સહયોગનો વિસ્તાર કર્યો નથી, પરંતુ સંપર્ક , આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મહત્વપૂર્ણ ખનિજો જેવા ક્ષેત્રોમાં પણ સહયોગ મજબૂત બનાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવા માટે મંજૂરી મળી છે. ભારતીય સમુદાયને ને એક સેતુ તરીકે વર્ણવતા, વિદેશ મંત્રીએ કહ્યું કે તેઓએ બંને દેશો વચ્ચે ખાસ સંબંધ બનાવવામાં મદદ કરી છે.

----------

**PM STATES FORMATION DAY**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, કેરળ અને મધ્યપ્રદેશના લોકોને તેના સ્થાપના દિવસ પર અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે છત્તીસગઢ પ્રગતિના નવા ધોરણો સ્થાપિત કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે હરિયાણાની ઐતિહાસિક ભૂમિ તેના ખેડૂતોની મહેનત, તેના સૈનિકોની અપ્રતિમ બહાદુરી અને તેના યુવાનોની ઉર્જાને કારણે સમગ્ર દેશ માટે એક ઉદાહરણ બની છે.પ્રધાનમંત્રીએ કર્ણાટક રાજ્યને જ્ઞાન આધારિત પ્રગતિનું પ્રતીક ગણાવ્યું.

આ ઉપરાંત શ્રી મોદીએ કેરળ રાજ્યની કુદરતી સુંદરતા અને સદીઓ જૂના વારસા પર પ્રકાશ પાડ્યો.અને પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે મધ્યપ્રદેશ રાજ્યના પ્રતિભાશાળી અને મહેનતુ લોકો વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અમૂલ્ય ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**DEF- CHIEF MATERIEL**

વાઇસ એડમિરલ બી શિવકુમારે આજે **40**મા ચીફ ઓફ મટિરિયલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે શ્રી શિવકુમારે અગાઉ ભારતીય નૌકાદળના જહાજો રણજીત, કિરપન અને અક્ષયમાં ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજોમાં સેવા આપી છે અને પ્રીમિયર ઇલેક્ટ્રિકલ ટ્રેનિંગ બેઝ, **INS** વાલસુરાના કમાન્ડિંગ કરી ચૂક્યા છે.

વધુમાં જણાવાયું છે કે આ અધિકારી ભૂતપૂર્વ વાઇસ એડમિરલ કિરણ દેશમુખ પાસેથી હોદ્દો સંભાળશે.

મંત્રાલયે વધુમાં માહિતી આપી હતી કે શ્રી શિવકુમારને રાષ્ટ્ર પ્રત્યેની તેમની વિશિષ્ટ સેવા બદલ વિશિષ્ટ સેવા મેડલ અને અતિ વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

**NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## AVIATION CORPS-RAISING DAY

ભારતીય સેનાના એવિએશન કોર્પ્સ આજે તેનો 40મો સ્થાપના દિવસ ઉજવી રહ્યા છે. આર્મી એવિએશન કોર્પ્સના ડાયરેક્ટર જનરલ અને કર્નલ કમાન્ડન્ટ, લેફ્ટનન્ટ જનરલ વિનોદ નામ્બિયારે આ પ્રસંગે અધિકારીઓ, નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

આકાશવાણી પર એક વિશિષ્ટ સંદેશમાં, લેફ્ટનન્ટ જનરલ વિનોદ નામ્બિયારે જણાવ્યું હતું કે છેલ્લા ચાર દાયકામાં આર્મી એવિએશન એક શક્તિશાળી અને અનિવાર્ય લડાયક દળમાં વિકસિત થયું છે.

(બાઇટ- ડીજી આર્મી – 40 વર્ષ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CM BHARAT PARV

ગુજરાતના એકતાનગરમાં આજથી ભારત પર્વનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ પર્વનું ઉદ્ઘાટન કરશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : અપર્ણા ખૂંટ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UNESCO- LUCKNOW

લખનૌને યુનેસ્કો ક્રિએટિવ સિટી ઓફ ગેસ્ટ્રોનોમી તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે, જે તેના વિશિષ્ટ રસોઈ વારસા અને ભારતની સમૃદ્ધ સારો ખોરાક બનાવવાની અને ખાવાની કળા અને જ્ઞાન પરંપરાઓમાં અમૂલ્ય યોગદાનની માન્યતા છે.

કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ સન્માન લખનૌનું વૈશ્વિક કદ વધારે છે. તેમણે કહ્યું કે તે શહેરને ખોરાક અને સંસ્કૃતિ માટે એક અગ્રણી સ્થળ તરીકે સ્થાન આપે છે, અને યુનેસ્કો સર્જનાત્મક શહેર દ્વારા

પ્રવાસન પ્રમોશન, સંસ્કૃતિ-આધારિત આર્થિક વિકાસ, વારસા સંરક્ષણ અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે નવા માર્ગો ખોલે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA FIJI

ભારતે તેના આરોગ્ય કાર્યક્રમને સમર્થન આપવા માટે ફિજીમાં એન્ટિ-રેટ્રો વાયરલ, ARV દવાઓનો જથ્થો મોકલ્યો છે.

વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારત ફિજીને તેના જાહેર આરોગ્ય પ્રતિભાવ અને માનવતાવાદી જરૂરિયાતોને સહાય આપવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HOCKEY GOALKEEPER

1972ના મ્યુનિક ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ભૂતપૂર્વ ભારતીય હોકી ગોલકીપર મેન્યુઅલ ફ્રેડરિકનું 78 વર્ષની વયે અવસાન થયું. કેરળના કન્નુરના વતની, તેઓ ઓલિમ્પિક મેડલ જીતનાર રાજ્યના

પ્રથમ ખેલાડી હતા, જેનો રેકોર્ડ ફક્ત પીઆર શ્રીજેશ દ્વારા 2021માં મળ્યો હતો.

તેમના નિર્ભય ગોલકીપિંગ માટે જાણીતા ફ્રેડરિકે 1971થી 1978 સુધી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું, 1973માં એમસ્ટેલવીન વર્લ્ડ કપમાં ભાગ લીધો જ્યાં તેમણે સિલ્વર મેડલ અને 1978માં બ્યુનોસ એરેસ વર્લ્ડ કપમાં ભાગ લીધો. તેઓ આર્મી સર્વિસ કોર્પ્સ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ, સર્વિસીસ, ઉત્તર પ્રદેશ અને મોહન બાગાન માટે પણ રમ્યા.

2019માં ધ્યાનચંદ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત, ફ્રેડરિકને ભારતના શ્રેષ્ઠ રક્ષકોમાંના એક તરીકે યાદ કરવામાં આવે છે. હોકી ઇન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીએ શ્રદ્ધાંજલિ આપી, અને તેમને પદના સાચા રક્ષક ગણાવ્યા જેનો વારસો પેઢીઓને પ્રેરણા આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .